| | સુરત મહાનગરપાલિકા<br>-: વ્યવસાય વેરા કરદાતાઓ જોગ :- |
|---|---|

**(૧)** રાજય સરકારશ્રી તરફથી ગુજરાત રાજય વ્યવસાય, વેપાર, ધંધા અને રોજગાર વેરા અધિનિયમ,૧૯૭૬ હેઠળ તા.૧/૧૦/૨૦૦૬થી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને જે તે વિસ્તારમાં આવેલ સંસ્થાઓની એનરોલમેન્ટ સર્ટીફીકેટ (ઈ.સી.) હેઠળ પ્રોફેશનલ ટેક્ષ અંગે નોંધણી, રીન્યુઅલ અને વસુલાતની કામગીરી સોંપવામાં આવેલ છે. અત્યાર સુધી સુરત મહાનગરપાલિકાનાં હદ વિસ્તારમાં આવેલ સંસ્થાઓ ધ્વારા બેંક મારફત ચલણો ભરી વ્યવસાય વેરાની રકમ ટ્રેઝરીમાં જમા કરાવવામાં આવતી હતી, તેના દરમાં તા.૧-૪-૨૦૦૮ થી રાજય સરકારશ્રીએ નીચે મુજબ સુધારો કરેલ છે તથા આ રકમ બેંક મારફત ચલણો ભરી ટ્રેઝરીમાં જમા કરાવવાને બદલે મહાનગરપાલિકામાં સીધેસીધી જમા કરાવવાની રહે છે, જેની એનરોલમેન્ટ સર્ટી. (ઈ.સી.) સંસ્થાઓએ નોંધ લેવી.

| **શિડયુલની એન્ટ્રી નંબર** | **તા.૧/૪/૨૦૦૮ થી સુધારેલ દર (વાર્ષિક)** |
|---|---|
| ૨ થી ૬ તથા ૮ થી ૧૦માં સમાવિષ્ટ થતાં તમામ કરદાતાઓનાં સમૂહ માટે | રૂા.૨૦૦૦/ |

| **અ.નં.** | **શિડયુલની એન્ટ્રી નંબર ૭** | **તા.૧/૪/૨૦૦૮ થી સુધારેલ દર (વાર્ષિક)** |
|---|---|---|
| | **તમામ ખરીદી તથા તમામ વેચાણનું વાર્ષિક ટર્ન ઓવર** | |
| (૧) | રૂા.૨,૫૦,૦૦૦/- કરતા વધુ ન હોય તો | કાંઈ જ નહિ |
| (૨) | રૂા.૨,૫૦,૦૦૦/- કરતા વધુ પણ રૂા.૫,૦૦,૦૦૦ કરતાં વધુ ન હોય તો | રૂા.૫૦૦/- |
| (૩) | રૂા.૫,૦૦,૦૦૦ કરતાં વધુ પણ રૂા.૧૦,૦૦,૦૦૦/- કરતાં વધુ ન હોય તો | રૂા.૧,૨૫૦/- |
| (૪) | રૂા.૧૦,૦૦,૦૦૦/- કરતાં વધુ હોય તો | રૂા.૨,૪૦૦/- |

**(૨)** રાજય સરકારશ્રીએ તાજેતરમાં એનરોલમેન્ટ સર્ટીફીકેટ (ઈ.સી.) ઉપરાંત રજીસ્ટ્રેશન સર્ટી. (આર.સી.) કરદાતાઓ પાસેથી વ્યવસાય વેરો ઉઘરાવવા માટે સુરત મહાનગરપાલિકાને ડેઝીગ્નેટેડ ઓથોરીટી જાહેર કરેલ છે અને કેન્દ્ર સરકાર, રાજય સરકાર તથા તેઓ સંચાલિત જાહેર સાહસોનાં કર્મચારી, ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાનાં કર્મચારી,પંચાયત કર્મચારી **સિવાયના** કર્મચારીઓનો કપાતો વ્યવસાયવેરો કામે રાખનાર આર.સી. કરદાતાએ મહાનગરપાલિકાને ચુકવવાનો રહે છે. આથી તમામ સંબંધિત રજીસ્ટ્રેશન સર્ટી. (આર.સી.) કરદાતાઓએ રાજય સરકારનાં નાણાં ખાતાનાં તા.૧/૪/૨૦૦૮નાં જાહેરનામાં ક્રમાંક નં (GHN-11)PFT-2008S.3(2)(4)TH થી ઠરાવ્યા મુજબ તા.૧/૪/૨૦૦૮ પછીનો ભરવાપાત્ર વ્યવસાય વેરો નીચે મુજબ સુધારેલ દરે મહાનગરપાલિકામાં ભરપાઈ કરવાનો રહે છે, જેની નોંધ લેવી.

| **પગાર પ્રમાણે વેરાના દર અલગ-અલગ છે જે નીચે મુજબ છે.** | | |
|---|---|---|
| **ક્રમ** | **સ્લેબ(માસિક)** | **વેરાનો દર (માસિક)** |
| ૧ | માસિક રૂ.૩૦૦૦/-થી ઓછો પગાર | શૂન્ય |
| ૨ | રૂ.૩૦૦૦/- થી રૂા.૫૯૯૯/- | રૂા. ૨૦/- |
| ૩ | રૂ.૬૦૦૦/- થી રૂા.૮૯૯૯/- | રૂા. ૮૦/- |
| ૪ | રૂ.૯૦૦૦/- થી રૂા.૧૧૯૯૯/- | રૂા.૧૫૦/- |
| ૫ | રૂ.૧૨૦૦૦/- થી વધુ | રૂા.૨૦૦/- |

સંબંધિત કામે રાખનારાઓએ ઉપર જણાવેલ દર મુજબ વેતનદારો પાસેથી દર માસે વ્યવસાય વેરાની કપાત કરી સુરત મહાનગરપાલિકામાં જમા કરાવવાનો રહે છે. જો તેમ કરવામાં કસૂર થશે તો તે અંગેની સંપુર્ણ જવાબદારી સંબંધિતોની રહેશે, જેની ખાસ નોંધ લેવી. વધુમાં વ્યવસાય વેરા અંગે જાણકારી મેળવવા તથા તેને લગતી તમામ કામગીરી માટે મહાનગરપાલિકાનાં જે તે ઝોનનાં એસેસમેન્ટ એન્ડ રીકવરી ઓફિસરો / દુકાનધારા નિરીક્ષકોનો સંપર્ક કરવો.

નં.પીઆરઓ/૫૦/૨૦૦૮-૦૯
તા.૩૦/૦૪/૨૦૦૮

**કમિશ્નર,**
**સુરત મહાનગરપાલિકા.**